Upload MIDDAY NATIONAL NEWS AT 1.20 TO 1.30 PM 19-09-2024-1

# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 19-09-2024 Midday : 1.20 to 1.30

Day : Thursday National News

## આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

*******************************************************

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ઉજ્જૈનમાં સફાઈકર્મીઓનું સન્માન કરતાં કહ્યું કે, 10 વર્ષોમાં સ્વચ્છતા અભિયાનથી દેશમાં અભૂતપૂર્વ પરિવર્તન આવ્યું.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શ્રીનગરમાં ચૂંટણી સભા સંબોધતાં જણાવ્યું કે, જમ્મુ-કાશ્મીરની જનતા લોકતંત્રને મજબૂત કરી રહી છે
- અમેરિકાની ફેડરલ રિઝર્વ બેન્કે 4 વર્ષમાં પહેલી વાર વ્યાજદર ઘટાડ્યા.
- ભારત-બાંગ્લાદેશ વચ્ચે શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચ ચેન્નઈમાં રમાઈ રહી છે.
- હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ અને મધ્ય પ્રદેશના કેટલાંક ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે.

*******************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PREZ SAFAI MITRA SAMMELAN

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું કે, ઉજ્જૈનના મહાકાલ શહેરમાં સદીઓની સંસ્કૃતિ અને સભ્યતાની પરંપરા આજે પણ જળવાયેલી છે. મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં સફાઈમિત્ર સંમેલનને સંબોધતાં સુશ્રી મુર્મૂએ આ મુજબ જણાવ્યું હતું. દરમિયાન રાષ્ટ્રપતિએ પાંચ સફાઈકર્મીને સન્માનિત કર્યા હતા. આ પહેલાં સુશ્રી મુર્મૂએ ઉજ્જૈન—ઇન્દોર છ માર્ગીય રાજમાર્ગનું વર્ચ્યૂઅલ માધ્યમથી ભૂમિપૂજન કર્યું હતું.

રાષ્ટ્રપતિએ ઉંમેર્યું, છેલ્લા 10 વર્ષમાં સ્વચ્છતા અભિયાન દેશવ્યાપી બની જતાં દેશમાં અભૂતપૂર્વ પરિવર્તન આવ્યું છે. મધ્યપ્રદેશના અનેક શહેર સફાઈમિત્ર શહેર તરીકે જાહેર થયા તે બદલ સુશ્રી મુર્મૂએ આનંદ વ્યક્ત કર્યો હતો. સ્વચ્છ ભારત અભિયાનનો બીજો તબક્કો વર્ષ 2025 સુધી ચાલશે એટલે આપણે આપણે સંપૂર્ણ સ્વચ્છતાનું લક્ષ્ય પ્રાપ્ત કરી લઈશું.

દરમિયાન મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે જણાવ્યું કે, સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત મધ્યપ્રદેશે સમગ્ર દેશમાં બીજો ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. જ્યારે ઇન્દોર શહેર સતત સાતમી વખત દેશનું સંપૂર્ણ સ્વચ્છ શહેર બન્યું છે. રાજ્યપાલ મંગુભાઈ પટેલે કહ્યું, આ છ માર્ગીય રાજમાર્ગ શરૂથતાં ઉજ્જૈન આવતા ભક્તોને આવવા-જવામાં સરળતા રહેશે.

# JK VISIT PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જમ્મુ-કાશ્મીરમાં ચાલી રહેલી વિધાનસભા ચૂંટણીના પ્રચાર કરી રહ્યા છે. તેઓ આજે સવારે શ્રીનગરમાં બપોરે શ્રી માતા વૈષ્ણોદેવી મંદિરના બેઝકેમ્પ કટરા ખાતે ચૂંટણી સભા સંબોધકા પ્રધાનમંત્રી મોદી કહ્યું કે, પ્રથમ તબક્કામાં મોટી સંખ્યામાં મતદાન કરીને જમ્મુ કાશ્મીરના લોકોએ ઇતિહાસ રચ્યો છે. વધુમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, જમ્મુ કાશ્મીરના લોકો દેશના

લોકતંત્રને મજબૂત કરી રહ્યા છે. તેમણે કિશ્તવાડમાં ૪0 ટકા મતદાનનો ઉલ્લેખ પણ કર્યો.

ઉલ્લેખનીય છે કે, જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના પહેલા તબક્કા માટે ગઈકાલે સરેરાશ 61.13 ટકામતદાન નોંધાયું હતું. આમાંથી સૌથી વધુ ૪0.14 ટકા મતદાન કિશ્તવાડ જિલ્લામાં થયું હોવાના અહેવાલ છે.

## PM-WARDHA.RTF

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે મહારાષ્ટ્રના વર્ધા ખાતે પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજનાને એક વર્ષ પૂર્ણ થવા પર યોજાયેલા રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ દરમિયાન, શ્રી મોદી યોજનાના લાભાર્થીઓને પ્રમાણપત્રો, ઋણપત્રકો સોંપશે અને સ્મારક ટપાલ ટિકિટ બહાર પાડશે.  તેઓ અમરાવતી ખાતે પીએમ મેગા ઈન્ટીગ્રેટેડ ટેક્સટાઈલ રિજિયન્સ એન્ડ એપેરલ –પીએમ મિત્ર પાર્કનો શિલાન્યાસ કરશે.

મહારાષ્ટ્ર ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા એક હજાર એકર વિસ્તારમાં આ પાર્ક વિકસાવવામાં આવી રહ્યો છે. આનાથી વિશ્વસ્તરનું ઔદ્યોગિક આધાર માળખુ સ્થાપિત કરવામાં મદદ મળશે અને રોજગારીની તકોનુ સર્જન થશે. પ્રધાનમંત્રી રાજ્ય સરકારની "આચાર્ય ચાણક્ય કૌશલ્ય વિકાસ કેન્દ્ર" યોજનાનો પ્રારંભ કરાવશે.

આ યોજના હેઠળ 15 થી 45 વર્ષની વયના યુવાનોને તાલીમ પૂરી પાડવા માટે રાજ્યભરની કોલેજોમાં કૌશલ્ય વિકાસ તાલીમ કેન્દ્રોની સ્થાપના કરવામાં આવશે. શ્રીમોદી "પુણ્યશ્લોક અહિલ્યા દેવી હોલકર મહિલા સ્ટાર્ટઅપ્સ યોજના" ની શરૂઆત કરાવશે.  આ યોજના હેઠળ રાજ્યમાં મહિલાઓ દ્વારા સ્થાપિત

સ્ટાર્ટઅપ્સને પ્રારંભિક તબક્કામાં 25 લાખ રૂપિયા સુધીની નાણાકીય સહાય આપવામાં આવશે.

## HM--100-DAY-CONFERENCE.RTF

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં સહકાર મંત્રાલય દ્વારા કેન્દ્ર સરકારના ત્રીજા કાર્યકાળના પ્રથમ 100 દિવસમાં શરૂ કરાયેલી વિવિધ પહેલ પર રાષ્ટ્રીય સંમેલનને સંબોધશે.

સોશિયલ મીડિયાના માધ્યમથી શ્રી શાહે જણાવ્યું કે આ સમયગાળા દરમિયાન સહકારી ક્ષેત્ર માટે લેવાયેલા પગલાં આ ક્ષેત્રને નવી ગતિ અને ઊર્જા સાથે આગળ વધારવામાં મદદરૂપ બનશે . શ્રી શાહે કહ્યું કે તેઓ આ સંમેલનમાં વિવિધ પહેલ અંગે ચર્ચા કરશે.

## I&B SWACHCHHATA

માહિતી અને પ્રસારણ મંત્રાલય પ્રાદેશિક કાર્યાલયોની સાથે મળીને વિશેષ અભિયાન ફ્રૉર પૉઈન્ટ ઓ શરૂ કર્યું છે.

આ અભિયાન અંતર્ગત કાર્યાલય પરિસરની સ્વચ્છતા, પડતર બાબતોને ઘટાડવા તથા યોગ્ય સ્થાનિક સંચાલન અને સંચારના વિવિધ માધ્યમથી જાગૃતિ ફેલાવવા પર ધ્યાન અપાશે. માહિતી અને પ્રસારણ મંત્રી સંજય જાજૂએ છઠ્ઠી સપ્ટેમ્બરે માધ્યમોના તમામ પ્રમુખો સાથે આ વિશેષ અભિયાન અંગેની સમીક્ષા બેઠક યોજી હતી.

## **MID BREAK- NEWS- NATIONAL**

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

. . . . . . . . . . . . . . .

## US BANK INTEREST CUT

અમેરિકાની ફેડરલ રિઝર્વ બેન્કે ચાર વર્ષમાં પહેલી વાર વ્યાજદરમાં ઘટાડો કર્યો છે. મુખ્ય ધિરાણ દર શૂન્ય પૂર્ણાંક પાંચ ટકાના ઘટાડા સાથે 4.75થી 5 ટકાની વચ્ચે આવી ગયો છે, જે અગાઉ 5.25 ટકાથી 5.5 ટકા હતો જે અમેરિકાના છેલ્લાં 23 વર્ષોમાં સૌથી ઊંચો વ્યાજદર હતો..

ફેડરલ રિઝર્વ બેન્કના અધ્યક્ષ જેરોમ પૉવેલે કહ્યું કે, ઘટતા ફૂગાવા અને બેરોજગારી બજારની વધતી ચિંતાઓ વચ્ચે આ પગલું ઘણું જરૂરી હતું. દરમાં ઘટાડો કરવાથી અમેરિકામાં ધિરાણ ધારકોને રાહત મળવાની શક્યતા છે.

## CRICKET

ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચ ચેન્નઈના ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાઈ રહી છે. મેચની શરૂઆતમાં બાંગ્લાદેશની ટીમે ટોસ જીતીને ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો છે.

છેલ્લે મળતા અહેવાલ મુજબ ભારતની ટીમે 36 ઓવર પર 4 વિકેટ ગુમાવીને 134 રન બનાવ્યા છે. ગૌતમ ગંભીરના કોચ બન્યા બાદ આ ભારતની પ્રથમ ટેસ્ટ મેચ છે..

# CHESS OLYPIAD

હંગેરીમાં રમાઈ રહેલી 45મી ચેસ ઓલિમ્પિયાડમાં ગઈ કાલે ઓપન સેક્શનના સાતમા રાઉન્ડમાં ચીનને હરાવતા ભારતીય ટીમની જીત થઈ છે. ઓપન સેક્શનમાં ભારતીય ટીમે ચીનના 1.5 પોઈન્ટના જવાબમાં 2.5 પોઈન્ટથી જીત મેળવી હતી. ડી. ગુકેશે, ચીનના ખેલાડીને હરાવીને ભારતને સાતમા રાઉન્ડની મેચ જીતવામાં મહત્વપૂર્ણ ફાળો આપ્યો છે.

ભારત અને ચીન વચ્ચેની બાકીની ત્રણ મેચ ડ્રો રહી હતી. આ જીત બાદ ભારતીય ટીમના ઓપન કેટેગરીમાં 14 મેચ પોઈન્ટ થઈ ગયા છે. ભારતની ઓપન અને મહિલા ટીમોએ ચેસ ઓલિમ્પિયાડના બીજા તબક્કામાં પ્રવેશ કર્યો છે. આ બંને ટીમો અત્યાર સુધી એકપણ મેચ હારી નથી.

# CHINA OPEN

ચાઇના ઓપન 2024 બેડમિન્ટન સ્પર્ધામાં, મહિલા સિંગલ્સમાં ભારતની માલવિકા બંસોડે સ્કોટલેન્ડની કિર્સ્ટી ગિલમોરને હરાવી. તેમણે ક્વાર્ટર ફાઇનલમાં આગળ વધવા માટે ગિલમોરને 21-17, 19-21, 21-16થી હાર આપી. આવતીકાલે માલવિકા, અકાને યામાગુચી સામે રમશે.

# IMD--RAINFALL.RTF

હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને મધ્ય પ્રદેશના કેટલાંક ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે.

આગામી 24 સપ્ટેમ્બર સુધી આસામ, મેઘાલય અને નાગાલેન્ડ સહિત પૂર્વોત્તરના રાજ્યો અને છત્તીસગઢના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરાઇ છે.

દરમિયાન કોંકણ અને ગોવામાં હળવોથી મધ્યમ વરસાદ થવાની શક્યતા છે. દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં ગઈ મોડી રાતથી હળવોથી મધ્યમ વરસાદ વરસી રહ્યો છે.

## WORLD FOOD INDIA

નવી દિલ્હીમાં આજથી ચાર દિવસનાં કાર્યક્રમ વર્લ્ડ ફુડ ઇન્ડિયા 2024નો પ્રારંભ થશે. ખાદ્ય સંસ્કરણ ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું છે કે, આ કાર્યક્રમમાં 90થી વધુ દેશો, 26 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ તથા 18 કેન્દ્રીય મંત્રાલયો ભાગ લેશે. આ કાર્યક્રમના સહભાગી દેશ જાપાન અને કેન્દ્ર દેશ વિયેતનામ તથા ઇરાન છે. આ કાર્યક્રમમાં ખાદ્ય સંસ્કરણ ક્ષેત્રમાં નવીનીકરણ અને ટેકનોલોજી પ્રદર્શિત કરવામાં આવશે. અન્ન પ્રક્રિયા ક્ષેત્રમાં વૈશ્વિક કેન્દ્ર તરીકે ભારતની ઊભરતી ભૂમિકા પર પ્રકાશ પાડવાનો આ મહત્વપૂર્ણ પ્રસંગ છે.

## TRUMP - MODI

અમેરિકાનાં પ્રમુખપદની ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે તેઓ આવતા સપ્તાહે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરશે. મિશિગનના ફ્લિન્ટ ખાતે એક પ્રચાર ઝૂંબેશમાં ટ્રમ્પે આ જાહેરાત કરી હતી. પ્રધાનમંત્રી મોદીની 21થી 23 સપ્ટેમ્બરની અમેરિકાની મુલાકાત દરમિયાન ટ્રમ્પ શ્રી મોદી સાથે મુલાકાત કરે તેવી સંભાવના છે.

ઉલ્લેખનીય છે કે ટ્રમ્પ 2017થી 2021 દરમિયાન અમેરિકાના પ્રમુખ હતા ત્યારે શ્રી મોદી સાથે તેમના મજબૂત અંગત સંબંધો હતા. બંને નેતા વચ્ચેનાં સંબંધોને કારણે સંરક્ષણ અને વ્યૂહાત્મક ક્ષેત્રમાં ભારત-અમેરિકા વચ્ચે મજબુત જોડાણ થયું હતું.